---

(૧) આ કામના અરજદારની અરજી તથા રજુ થયેલ પેપર્સ વંચાણે લીધા. પોલીસ અભિપ્રાય વંચાણે લીધો. જેમાં અરજદારના ખાતામાંથી ફ્રોડથી/સાઇબર ક્રાઇમથી રકમ ઉપડી ગયેલ અને તે અંગે અરજદારે સાયબર ક્રાઇમ હેલ્પ લાઇનમાં જાણ કરેલી જે અન્વયે સાયબર ક્રાઇમ ધ્વારા આ વ્યવહાર અંગે આ રકમ જે ખાતામાં ટ્રાન્સફર થયેલ તે ખાતામાં રકમ ફ્રીઝ કરવામાં આવેલી. આ હુકમ અરજી લગત કરવામાં આવતો હોવાથી અરજીની હકીકતોનું પુનરાવર્તન કરેલ નથી.

(૨) પોલીસ ધ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૧૦૬ મુજબ સાયબર ક્રાઇમથી ગયેલ રકમ ફ્રીઝ કરાવેલ છે. આ હકીકતને અરજી સાથે રજુ પોલીસ અભિપ્રાય તેમજ દસ્તાવેજોથી સમર્થન મળે છે. પોલીસ ધ્વારા સદરહું ફ્રીઝ કરેલ રકમ અરજદારને પરત કરવાનો અભિપ્રાય આપેલ છે.

(૩) આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ સદર કેસની તમામ હકીકત, સંજોગો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતા સદર નાણાં બેંક ખાતામાં ફ્રીઝ કરેલ હોય તેથી રોકડ રકમના દર તેમજ સીરીયલ નંબર બાબતનો પ્રશ્ન ઉપસ્થીત થતો નથી તેમજ ભવિષ્યમાં પણ મુદ્દામાલની ઓળખ બાબતની કોઇ તકરાર કે પ્રશ્ન ઉપસ્થીત થાય તેમ નથી. વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા A.I.R. 2003 SC-638, Sundarbhai Ambalal Desai V/s. State Of Gujarat ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં પણ ઉપરોકત જણાવેલ કારણોસર હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી હોય ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –::હુકમ::–

(૧) આથી, અરજદાર મનિષકુમાર રમેશભાઇ પરમાર ની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારને સદર ગુનાના કામે ફ્રીઝ કરવામાં આવેલ નીચે જણાવ્યા મુજબના પેરા નં.૪ ની વિગતની કુલ રકમથી દોઢી રકમના જાત મુચરકા(બોન્ડ) તથા જામીન સંબંધીત પોલીસ સ્ટેશનમાં રજુ કર્યેથી, નીચેની શરતોને આધીન અરજદારના પેરા નં.૩ માં જણાવેલ ખાતામાં પેરા નં.૪ મુજબની ફ્રીઝ કરેલ રકમ જમાં કરાવવાનો હુકમ કરવામાં આવે છે અને તે અંગે પોલીસ અધીકારીએ જરૂરી કાર્યવાહી કરવી.

**શરતો:–**

(૧) અત્રેની અદાલત જયારે ફરમાવે ત્યારે અરજદારે આ નાણાં અત્રેની અદાલતમાં જમાં કરાવવાના રહેશે.

(૨) ઉપરોકત ખાતાધારક વ્યકિત કે અન્ય કોઈ વ્યકિત સદર નાણાં પર કલેઈમ કરે અને પોતાનો હક/હિત પુરવાર કરે તેવા સંજોગોમાં અરજદારે સદર રકમ તાત્કાલીક પરત કરવાની રહેશે.

**(૩) અરજદારના ખાતાની વિગત**

| | |
|---|---|
| બેંકનું નામ | AU BANK |
| ખાતા નંબર | 2151216132150671 IFSC CODE-AUBL0002161 |
| એકનોલેજમેન્ટ નં. | 31105260114963 Dt.22/05/2026 |
| ઉપડી ગયેલ રકમ | Rs.60,000/- |

**(૪) ફ્રીઝ થયેલ ખાતા તથા નાણાંની વિગત**

| | |
|---|---|
| (૧)બેંકનું નામ | RAJASTHAN GRAMIN BANK |
| ખાતા નંબર | 00000083086502016 IFSC CODE-RMGB0000001 |
| ફ્રીઝ થયેલ રકમ | Rs.35,000/- |
| (૨)બેંકનું નામ | UNION BANK OF INDIA |
| ખાતા નંબર | 217512010001424 IFSC CODE-UBIN0821756 |
| ફ્રીઝ થયેલ રકમ | Rs.23,341/- |
| કુલ ફ્રીઝ થયેલ રકમ | RS.58,341/- |

હુકમ આજરોજ તા.૦૫ મી માહે જુન સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

[ ડી. ડી. શાહ ]
અમદાવાદ. પ મા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ સીટી(કોર્ટ નં.૧)
Code-Gj00956